**ડો. ચંદ્ર વનવારી**
**મો. ૯૮૨૫૯૦૦૮૪૯**
www.vccfuturetrading.com

**પોઈન્ટ બ્લેન્ક પા.નં. ૧ નું ચાલુ**

સમજી લેવી જોઈએ. અને વેલ્યુ બાઈંગ ૨૫ ટકા જેટલું કરી દેવું જોઈએ. પરંતુ એક વાત ધ્યાન રાખવી જોઈએ કે ૨૫ તારીખના રોજ આરબીઆઈની મિટિંગ મળનાર હોવાથી અને બેઝ રેટમાં વધારો ન થાય ત્યાં સુધી શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ ટ્રેડરો વેઈટ એન્ડ વોચ ની નીતિ અપનાવવી જોઈએ, કારણ કે ઈન્ફલેશન ઘટાડવા હવે એવું લાગે છે કે બેઝ રેટ વધારે તેથી માર્કેટમાં અને સૌથી વધુ બેંકિંગ, ઓટો, રિયલ એસ્ટેટ અને ફાઈનાન્શિયલ સેક્ટરમાં વધુ દબાણ જોવા મળશે. તેથી રોકાણકારોએ ઉપરોક્ત સેક્ટરમાં જો ખરીદ કરવી હોય તો ઉછાળે વેચવાનો જ વિચાર કરવો રહ્યો.

આવનાર સપ્તાહ માટે રોકાણકારોને એટલું જ કહેવાનું કે ભલામણ આપવામાં વાંધો નથી પરંતુ રોકાણ તો ટ્રેડરે પોતાની મૂડી રોકીને જ કરવાનું હોય છે તેથી લેવલ ટુ લેવલ અને માર્કેટની પોઝીશન જોઈને જ બાય અથવા સેલ કરવું.

**ઈન્ફોસીસ બંધ ભાવ (૩૨૦૧.૯૫)** ઈન્ફોસીસના પરિણામો ધારણા કરતા નબળા આવ્યા હોવાથી આ સ્ટોક પરિણામના દિવસે જ પાંચ થી સાડા પાંચ ટકા તુટી ગયો હતો. પરંતુ આ સ્ટોક તેના ઓલ ટાઈમ હાઈ નજીક હોવાથી દરેક ઘટાડે લેણ કરવું હિતાવહ રહેશે. બંધ ભાવ ૩૨૦૧ છે અને શુક્રવારનો લો ૩૧૯૦ છે એટલે રોકાણકારોએ ૩૧૭૦-૩૧૮૦નો સ્ટોપલોસ રાખીને લેણ કરી શકાય. ટાર્ગેટ ૩૨૫૦-૩૨૮૦ સુધી જવાની ધારણા છે.

**બેંક ઓફ ઈન્ડિયા : બંધ ભાવ (૪૧૭)** બેંકિંગ સેક્ટરમાં આરબીઆઈની પોલિસી જ્યાં સુધી જાહેર ન થાય ત્યાં સુધી સેલિંગ પ્રેશર રહેવાનું છે. એટલે દરેક બેંકિંગ, ઓટો સેક્ટરમાં ઉછાળે વેચવાનું જ વિચારવું અથવા મળતો નફો બુક કરતા રહેવું જોઈએ. બેંક ઓફ ઈન્ડિયા ૪૨૦-૪૨૫ના લેવલે શોર્ટ કરી શકાય. સ્ટોપલોસ ૪૨૮ રાખીને ટાર્ગેટ ૪૦૫ જો સ્ટોક ૪૦૦ નીચે ટ્રેડ કરે તો ૩૯૨-૩૮૮ સુધી જઈ શકે છે. તેથી ફ્યુચર સેલ કરવું.

**એચસીએલ ઈન્ફોસીસ : બંધ ભાવ (૧૦૮.૨૦)** આ સ્ટોકમાં હવે મુવમેન્ટ આવવા લાગી છે. કારણ કે ૧૨ જાન્યુઆરીના ન્યુઝમાં જાણવા મળ્યું હતું કે આ કંપનીને હિમાચલ પ્રદેશ સરકાર તરફથી ૪૦ કરોડનો ઓર્ડર મળ્યો છે. જેમાં આ કંપનીને ૬૨૮ સરકારી સ્કૂલોમાં અદ્યતન સુવિધા યુક્ત લેબોરેટરી સ્થાપવાની રહેશે. આ કંપનીનો શેર શુક્રવારે ૧૦૮ બંધ આપ્યો છે. ૧૦૫-૧૦૩ના ઘટાડામાં અથવા આ લેવલે ખરીદ કરી શકાય. અથવા ૧૦૦ સ્ટોપલોસ રાખી ૧૧૮-૧૨૫નો ટાર્ગેટ રાખી શકાય.

**જીંદાલ પોલી ફિલ્મસ બંધ ભાવ (૫૧૧)** આ કંપનીના જાહેર થયેલા રિઝલ્ટ બહુ સરસ આવ્યા છે. વર્ષ ૨૦૧૦-૧૧ના ઓક્ટોબર - ડીસેમ્બરના ત્રિમાસિક ગાળામાં કંપનીને ૨૨૧.૦૯ કરોડનો ચોખ્ખો નફો થયો છે જે ગત વર્ષના સમાનગાળામાં ૩૪.૮૫ કરોડ હતો. આ કંપનીએ ૫૩૪ ટકાની નફામાં વૃદ્ધિ દર્શાવી છે. કંપનીના સારા સમાચારને લઈ આ સ્ટોકમાં પણ લેણ કરવું જોઈએ. ૫૦૦નો સ્ટોપલોસ રાખી ૫૩૦-૫૫૦-૫૮૦નો ટાર્ગેટ રાખી શકાય.

**સેઈલ : બંધ ભાવ (૧૬૧)**

આ સ્ટોકમાં ગત સપ્તાહે ૧૭૮ માં શોર્ટ કરવા જણાવ્યુ હતું અને આ સ્ટોક ૧૬૧ બંધ આપ્યો છે. કંપનીના પરિણામો ખરાબ આવ્યા છે અને નફો ઘટ્યો છે. અધુરામાં પુરુ આ સ્ટોકનો એફપીઓ આવવાનો હોઈ આ સ્ટોકમાં પણ થોડું પ્રેશર રહેશે તેથી હાઈ રિસ્ક ટ્રેડરોએ જ શોર્ટ કરવું ૧૭૫નો સ્ટોપલોસ રાખી ૧૫૫-૧૫૦નો ટાર્ગેટ રાખી શકાય. નહીં તો આ સ્ટોકમાં નીચા લેવલે ખરીદી કરી શકાય.

**સુબેક્ષ લિ. : બંધ ભાવ (૭૩.૨૦)** આ કંપની ટેલિકોમ સેક્ટરને સર્વિસ પ્રોવાઈડ કરે છે. તેથી આ કંપનીને ટેલિકોમ સેક્ટરના દિગ્ગજો દ્વારા ૧.૨ કરોડ ડોલરનો ઓર્ડર મળ્યો છે. આ ઓર્ડર આ કંપનીને આરઓસી ઈન્ટીગ્રીટી મેનેજમેન્ટ સોલ્યુશન્સ લાગુ કરવાથી મળ્યો છે. તેથી આ સ્ટોકમાં થોડુ ખરીદ કરી શકાય. ૭૦નો સ્ટોપલોસ રાખી ૭૫-૭૮નો ટાર્ગેટ રાખી શકાય. મિત્રો આપેલ ભલામણોમાં જો લેવલ ન મળતા હોય અથવા સમજ ન પડતી હોય તો હંમેશા વેઈટ એન્ડ વોચ કરવું અથવા જાણકારની સલાહ પ્રમાણે જ વર્તવું હિતાવહ રહેશે.

ફ્રી ઈંગ્લીશ ઈ-પેપર વાંચવા માટે વિઝીટ કરો www.theeconomicrevolution.com

# ચાર્ટનું વાંચન

ભવિષ્યની આગાહી કરી રહેલ છો ? હા, આ માટે તમારે કેન્ડલસ્ટીક ચાર્ટસ, લાઈન ચાર્ટસ, બાર ચાર્ટસ અને બીજી ઘણી શકયતાઓનો ઉપયોગ કરવો પડશે, કે જે નજીકના ભવિષ્યનાં પરીણામો માટે કારણભૂત બને અને તેમાંથી સારામાં સારી સ્ટોક ટ્રેડીંગની તક શોધવી પડશે.

ટ્રેન્ડ લાઈન % ફીબોનેસ્સી સપાટીનો ઉપયોગ કરીને ટેકાની અને પ્રતિકારક સપાટી

ઈ એમ એ અને ઈ એમ એ ક્રોસનો ઉપયોગ કરીને રૂખ

શેરનું વોલ્યુમ (જથ્થો),

## લર્ન એન્ડ ટ્રેડ



**એ. શીવા**
**મો. ૯૬૦૦૪૮૮૧૩૬**
Email :tipssbsense_er@yahoo.co.in
http:// www.tipssbsense.blogspot.com

દૈનિક આર એસ આઈ ૧૪, કલાકની આર એસ આઈ ૮, ઓછા સમય ગાળાના ચાર્ટ માટે આર એસ આઈ ૩

તેથી હવે મુદ્દો એ છે કે તમે ચાર્ટ વાંચવાનું કેવી રીતે શીખશો ?

જો કે બીજાં કેટલાંક મોટાં પાસાં છે કે જેના તરફ નજર કરવી જોઈએ, જેમ કે ટેકો અને પ્રતિકારક સપાટી, વોલ્યુમ, ચાર્ટની રચના અને સંકેતકો (ઓસીલેટર્સ).

જયારે આ પાસાઓ શેર બજારમાં ભાગ ભજવે છે ત્યારે ચાર્ટ તમને મહત્તમ નાણાકીય લાભ મળે તે માટેની વ્યૂહ રચના કરવામાં મદદરૂપ બને છે.

સદભાગ્યે, રોકાણકારોને તેમના પ્રશ્નો સમજવા તેમ જ શેર બજારની કાર્યરીતીની અંદરની માહિતિ સમજવા માટે મદદરૂપ થવા માટે ઓનલાઈન અસંખ્ય ચાર્ટ ઉપલબ્ધ છે. જેથી રોકાણકારો કે જેઓ આ નાણાકીય ચાર્ટનો ઉપયોગ કરે છે તેઓ વધી શકે તેવી રોકાણ માટેની તક ઝડપી શકે છે.

કેટલાક ચાર્ટ સર્જ એન્જીન દ્વારા પણ મળી શકે છે કે જે રોકાણકારો દ્વારા આગ્રહ રાખવામાં આવતો હોય તેવાં કેટલાંક પાસાંઓ પણ આવરી લે છે, અને પછી રોકાણકારો માટેની તક તરફ અંગુલીનિદેશ કરે છે.

જો કે, બધા જ શેરના ચાર્ટ વિનામુલ્યે વાપરવા માટે હોતા નથી. જે ફી આધારીત ચાર્ટ હોય છે તે કેટલાક મહત્વનાં ઉપયોગી પાસાંઓ સાથે આવે છે જે રોકાણકારોને શેર બજાર દ્વારા તેમનો અપેક્ષિત નફો કમાવી આપવા માટે મદદરૂપ બને છે.

લવાજમ આધારિત શેર બજારના ચાર્ટ પણ સાચા સમયનું ચાર્ટીંગ દર્શાવે છે, જે રોકાણકારોને બજારમાં થતી હલચલ તે સમયે જ દર્શાવે છે. વિનામૂલ્યે મળતા શેર બજારના ચાર્ટ મહત્વનાં પાસાં મોડાં દર્શાવે છે એટલે કે રોકાણકારને ખરેખર બજારની હલચલ જે સમયે થતી હોય તેથી ૧૦ થી ૩૦ મીનીટ મોડી મળે છે.

રોકાણકારો શેર બજારના ચાર્ટનો ક્ષમતાપૂર્વક ઉપયોગ કરે તે પહેલાં તેઓએ બજારના ઈન્ડેક્ષનાં પાસાંઓ ધ્યાનમાં લેવાં જોઈએ અને તે દરેકના મૂળને પણ ધ્યાનમાં લેવું જોઈએ. કારણ કે હવે શેર બજારના ચાર્ટ ઓનલાઈન મળે છે, રોકાણકારો થોડું ઓનલાઈન સંશોધન કરીને તેઓ જે શીખવા ઈચ્છે તે બધું જ શીખી શકે છે. ઘણી બધી કંપનીઓ માહિતિના ભંડાર જેવા ચાર્ટ અને ગ્રાફ ઉપલબ્ધ કરાવે છે, રોકાણકારો રોકાણનો નિર્ણય લેવા માટે તેનો ઉપયોગ કરી શકે છે. પરંતુ તેનો યોગ્ય ઉપયોગ કરવાનું તો રોણકારોના હાથમાં જ છે.

કેટલિક કંપનીઓ દરેક શેર અને દરેક કોમોડીટીના ચાર્ટ દર્શાવે છે અને ભાવના પણ હજારો ચાર્ટ રોજ દર્શાવે છે અને આ રીતે રોકાણકારોને જરૂરી એવી બધી જ માહીતિ સક્રીય રીતે પુરી પાડે છે. ખૂબ જ મદદરપ થતા ચાર્ટમાં બંધ ભાવ, મુવીંગ એવરેજ અને ટ્રેડીંગ વોલ્યુમ વગેરે સાથેની ટેકનીકલ બાબતો ઉપલબ્ધ કરાતી હોય છે કે જેથી રોકાણકારો કાળજીથી તેમની રોકાણ માટેની વ્યૂહરચના અંગે નિર્ણય લઈ શકે. પરંતુ આ ખૂબ મદદરૂપ મહત્વની બાબતોની માહિતી નાણાં ચુકવવાથી મળે છે, તેથી જે રોકાણકારો આ ચાર્ટ માટે પૈસા ચુકવવાની ઈચ્છા ધરાવતા નથી તેઓને ઓછી વિગતો ધરાવતા ચાર્ટનો બળજબરીથી ઉપયોગ કરવો જ પડે છે.

દૈનિક વર્તમાનપત્રનું બિઝનેસ પેજ વાંચીને અથવા તો જે તે વિષયને લગતાં પુસ્તકોનો અભ્યાસ પણ શેર બજારને સમજવા માટે મદદરૂપ બની શકે છે, પરંતુ રોકાણકારોએ વાચન દ્વારા, સમજ દ્વારા અને શેર બજાર દ્વારા જે માહિતિ મેળવવાની જરૂર હોય તે ઓન લાઈન સામાન્ય સર્ચ દ્વારા પણ મળી શકે છે.

**આગામી સપ્તાહમાં કેશ નિફ્ટીની અપેક્ષા**

**તા. ૧૭/૧/૨૦૧૧ થી ૨૪/૧/૨૦૧૧**

નિફ્ટી હાલની સપાટી ૫૬૫૪, લક્ષાંક ૫૪૦૦-૫૩૭૦ માટેનો પ્રથમ ટેકો ૫૬૪૦-૫૬૨૦, લક્ષાંક ૫૯૨૦-૫૯૫૦ માટેની પ્રથમ પ્રતિકારક સપાટી ૫૭૯૦-૫૮૨૦. વેચવાલીનો બીજો રાઉન્ડ પણ આવશે, નિફ્ટી ૫૬૦૦ નીચે બંધ આપી શકે.

# પ્રાઈમ ટાઈમ ન્યૂઝ

### ૨૦૧૧માં ખાસ ધ્યાન આપવા લાયક ૫ આઈપીઓ - મહેતા ઈક્વીટીઝ

૨૦૧૦નું વર્ષ પ્રાયમરી માર્કેટ માટે સારું નિવડયું. ૬૫ જેટલી કંપનીઓએ રૂ.૭૧,૦૦૦ કરોડ કરતાં પણ વધુ ફંડ પબ્લિક ઈસ્યુ દ્વારા એકત્રિત કરેલ છે. નિષ્ણાતોના મંતવ્ય મુજબ આ નવું શરૂ થનાર વર્ષ પણ અગાઉના વર્ષ કરતાં વધુ સારું નિવડશે કારણ કે આ વૃષે વધુ કંપનીઓ વિસ્તૃતિકરણ માટે આ રસ્તે નાણાં એકત્રિત કરશે.

ફાઈનાન્સિઅલ મિનીસ્ટ્રીના જણાવ્યા મુજબ, સરકારશ્રી પણ ના. વ. ૨૦૧૨ માં આઠ થી નવ ઈસ્યુ લાવી રહેલ છે . આર આઈ એન એલ, એમ એમ ટી સી, પી એફ સી અને એન બી સી સીનો પણ તેમાં સમાવેશ થશે.

મહેતા ઈક્વીટીઝના રિસર્ચ મુજબ ૨૦૧૧માં પાંચ રસપ્રદ આઈપીઓમાં માઈક્રોમેક્ષ, ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ, આઈ ઓ ટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એલ એન્ડ ટી ફાઈનાન્સ અને એચ પી સી એલ - મીત્તલ એનર્જીનો સમાવેશ થાય છે.

સ્વદેશી મોબાઈલ હેન્ડસેટના વેચાણકર્તા માઈક્રોમેક્ષ ઈન્ફોરમેટિક ૨૦૧૧ની શરુઆતમાં આઈ પી ઓ લાવવા આયોજન કરી રહેલ છે. ગત માસે કંપનીએ આ હેતુથી સેબી સમક્ષ જરૂરી કાગળો પણ રજૂ કરી દીધેલ છે. આ ઈસ્યુ દ્વારા કંપની રૂ. ૪૨૬ કરોડ ઉપલબ્ધ કરાવવાની અપેક્ષા રાખી રહી છે.

ઓટો પાર્ટસના ઉત્પાદક ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ પણ રૂ. ૭૫૦નું ફંડ એકત્રિત કરવા માટે આઈ પી ઓ દ્વારા મૂડી બજારમાંપ્રવેષવા આયોજન કરી રહેલ છે. પ્રોસ્પેકટસમાં જણાવ્યા મુજબ ટાટા મોટર્સ, ટાટા સન્સ, ટાટા કેપિટલ અને ટાટા ઈન્ડસ્ટ્રીઝ પણ બધા મળીને આ કંપનીના લગભગ ૩૫.૬૩ મિલિયન શેરનું વેચાણ કરશે.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (આઈ ઓ સી) કે જે ઈપીસી ફાર્મ, આઈ ઓ ટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એનર્જીના સહસ્થાપક છે, તે રૂ. ૮૦૦ કરોડના આઈપીઓ સાથે માર્ચ માસ પહેલાં મૂડી બજારમાં પ્રવેષવા માટે આતૂર છે. આ માટે આ કંપનીએ સેબી સમક્ષ તેનું ડી આર એચ પી પણ સપ્ટેમ્બર માસમાં દાખલ કરી દીધેલ છે. આ ઈસ્યુમાં તેમના સંસ્થાપકો દ્વારા સામાન્ય ડીવેસ્ટમેન્ટ થશે તેમ જ મોટા ભાગે નવા ઈક્વીટી શેર ઓફર કરવામાં આવશે.

એલ એન્ડ ટી ફાઈનાન્સ, કે જે લાર્સન એન્ડ ટુબ્રોની એક નાણાકીય કંપની છે, તેઓએ પણ રૂ. ૧૫૦૦ કરોડ ઉપલબ્ધ કરવા માટે સેબી સમક્ષ પોતાના કાગળો રજૂ કરેલ છે. ના.વ. ૨૦૧૧ના ચોથા ત્રિમાસિક ગાળામાં તેઓ મૂડી બજારમાં પ્રવેષવા ઈચ્છુક છે. એલ એન્ડ ટી ફાઈનાન્સના આઈપીઓમાં ડાઈલ્યુશન લગભગ ૧૦ થી ૧૨ ટકા હશે.

હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન અને સીંગાપુર સ્થિત મિત્તલ એનર્જી ઈન્વેસ્ટમેન્ટ એચ પી સી એલ - મિત્તલ એનર્જી (એચ એમ ઈ એલ ) પણ ૨૦૧૧ના ચોથા ત્રિમાસિક ગાળામાં ભટીન્દ્ર રિફાઈનરીમાં તેમનો ૧૦ ટકા હિસ્સો વેચવા વિચારી રહેલ છે. આ આઈ પી ઓ દ્વારા આ કંપની રૂ. ૧૦૦૦ થી ૧૫૦૦ કરોડ ઉપલબ્ધ કરવા માગે છે. એચપીસીએલ અને મિત્તલ એનર્જી બંને આ કંપનીમાં ૪૯ ટકા હિસ્સો ધરાવે છે, જયારે બાકીના ૨ ટકા એક નાણાકીય સંસ્થાનો હિસ્સો છે.

### અનિલ અંબાણીની બે કંપનીઓને ડીસેમ્બર સુધી શેર ટ્રેડીંગ માટે મનાઈ

સેબીએ શ્રી અનિલ અંબાણી અને તેમની બે ગ્રુપ કંપનીઓ રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રકચર લી અને આર એન આર એલને ડીસેમ્બર ૨૦૧૧ સુધી સેકંડરી બજારમાં ટ્રેડ કરવા પર બાન મુકેલ છે.

આ ઉપરાંત સેબીએ રિલાયન્સ ઈન્ફ્રાના વાઈસ ચેરમેન સતિષ શેઠ અને તેમના ત્રણ ડાયરેકટર એસ સી ગુપ્તા, લલીત જલન અને જેપી ચાલસાનીને પણ ડીસેમ્બર ૨૦૧૦ સુધી શેરબજારમાં રોકાણ કરવા પર બાન કરેલ છે.

જો કે સેબીનો આ ઓર્ડર મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ, પ્રાયમરી માર્કેટના ઈસ્યુમાં રોકાણ, બાયબેક અને ઓપન ઓફરને લાગુ પડતા નથી.

સેબીએ જણાવેલ છે કે આ હુકમ આર કોમના અનુચિત વ્યાપાર વ્યવહાર તેમ જ વિદેશી રોકાણ દ્વારા નિયમોના ઉલ્લંઘન માટે કરવામાં આવેલ તપાસને આધારે કરવામાં આવેલ છે.

જો કે સેબીએ તેમના આદેશમાં એમ પણ જણાવેલ છે કે સમજુતી માટેનો રસ્તો તૈયાર થઈ ગયો છે અને આ બંને કંપનીઓ પેમેન્ટ અને સેટલમેન્ટ ચાર્ટ સહિતની શરતો પર સંમત થયેલ છે.

સેબીએ જણાવેલ છે કે રિલાયન્સ ઈન્ફ્રા તેમ જ રિલાયન્સ પાવરમાં પાછળથી વિલિન કરવામાં આવેલ આર એન આર એલએ વિદેશી ઋણ દ્વારા તેમ જ વિદેશી ફંડ દ્વારા મળેલ નાણાંનો ઉપયોગ શેરબજારમાં રોકાણમાટે કરેલ છે. સેબીએ એમ પણ જણાવેલ છે કે આ બાબતની શો કોઝ નોટિસ ૨૦૧૦ ના જુનમાં આપવામાં આવી હતી.

સેબીના આ આદેશ પર ટીકા કરતાં રિલાયન્સ ઈન્ફ્રા. ના એક પ્રવક્તાએ જણાવેલ છે કે કંપનીએ સ્વેચ્છાએ કંપની અને તેના ડાયરેકટરો સામે આપવામાં આવેલ જૂન ૨૦૧૦ની નોટિસને સેટલ કરેલ છે.

સેબીએ જણાવેલ છે કે રોકાણકારોના હિતમાં તેમ જ કંપની દ્વારા આ આદેશનો કોઈ વિરોધ ન થવાને કારણે સેટલમેન્ટ થયેલ છે. તેમ જ કંપનીના પ્રવક્તાના જણાવ્યા મુજબ ડાયરેકટરોએ સ્વેચ્છાએ સેટલમેન્ટફીની રકમ રૂ. ૨૫૦ મિલિયન ચુકવી દીધેલ છે અને કંપની પૂર્ણ રીતે નાણાકીય પ્રવાહિતા સાથે તેનો વિકાસ ચાલુ જ રાખશે.

### બજારની હાલની પરિસ્થિતિમાં શું સરકાર ડીવેસ્ટમેન્ટનો લક્ષાંક સાધ્ય કરી શકશે ?

સરકારશ્રી ચાલુ નાણાકીય વર્ષે ડીવેસ્ટમેન્ટ દ્વારા રૂ. ૪૦,૦૦૦ કરોડ મેળવવા માગે છે પરંતુ હાલની બજારની પરિસ્થિતિ જોતાં તે આમ કરી શકશે કે નહીં તે અંગે કુશંકા જાગે છે.

મીનીસ્ટ્રી ઓફ ફાઈનાન્સના ડીવેસ્ટમેન્ટ ડીપાર્ટમેન્ટના એક પ્રવક્તાએ બીઝનેસ લાઈનને જણાવેલ કે સરકાર હાલમાં ડીવેસ્ટમેન્ટ દ્વારા રૂ. ૪૦,૦૦૦ કરોડ એકત્રિત કરવાના માર્ગે આગળ વધી રહેલ છે અને ચાલુ નાણાકીય વર્ષે ઓ એન જી સી અને સેઈલ બજારને ગરમ કરવા આવી પહોંચશે.

ઓ એન જી સીનો ડીવેસ્ટમેન્ટનો પ્રોગ્રામ રૂ. ૧૩૦૦૦ કરોડનો છે જયારે સેઈલનો ડીવેસ્ટમેન્ટનો પ્રોગ્રામ ૮૦૦૦ કરોડનો છે. આ ઈસ્યુનો અડધો ભાગ કંપનીને મળશે, સરકારશ્રીને નહીં.

પ્રભુદાસ લીલાધર કેપિટલ માર્કેટના વાઈસ પ્રેસીડેન્ટ, ઈન્વેસ્ટમેન્ટ બેંકીંગ શ્રી દારા જે કલ્યાનીવાલાએ જણાવેલ કે કદાચ સરકાર તેનો લક્ષાંક ૧૫ ટકા માટે ચૂકી પણ જાય. સરકારશ્રીએ તેમના લક્ષાંકના ૫૦ ટકા કરતાં વધારે તો મેળવી દીધેલ છે. જો કે ૧૫ ટકા અપેક્ષિત ઘટાડા પછી પણ સરકાર રૂ. ૩૪,૦૦૦ કરોડ તો મેળવી જ શકશે, જે સારી રકમ છે.

બી એસ ઈ ડેટા મુજબ આ વર્ષે સરકારશ્રી દ્વારા ડીવેસ્ટમેન્ટ દ્વારા ૨૨૭૬૩ કરોડ મેળવવામાં આવેલ છે જ જેમાં કોલ ઈન્ડિયા, એન એચ પી સી અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયા આઈસી અને એન ટી પી સીના એફપીઓનો સમાવેશ થાય છે.

સેઈલનો એફ પી ઓ ફેબ્રુઆરી માસમાં આવશે જો કે ઓ એન જી સી ઈસ્યુનો ડેટા હજુ સેટ થયો નથી પણ તે પણ આ નાણાકીય વર્ષે આવશે.

ડીવેસ્ટમેન્ટ આ વર્ષે મીનીસ્ટ્રી હિન્દુસ્તાન કોપરનો એફ પી ઓ લાવવા માટે પણ વિચારણા કરી રહેલ છે.

ચાલુ વર્ષે વર્ષની શરુઆત પછી હાલમાં સેન્સેક્ષમાં ૭ ટકા સુધીનો ઘટાડો થયેલ છે, ફૂગાવાનો દર વધેલ છે અને તેને નાથવા આર બી આઈ તરફથી વ્યાદરમાં વૃધ્ધિ જેવાં પગલાં પણ લેવામાં આવે, આથી શેર બજારની હાલની પરિસ્થિતિ અસ્થિર બનેલ છે. સરકાર ડીવેસ્ટમેન્ટ પ્રોગ્રામનો અમલ કરવા માટે આગળ વધી રહેલ છે પરંતુ તે આકાર લેશે કે નહીં તે તો બજારની પરિસ્થિતિ અને મૂલ્યાંકન ઉપર જ નિર્ભર રહેશે, તેવું પ્રાઈમ ડેટાબેઝના ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટર શ્રી પૃથ્વી હાલ્દેએ જણાવેલ છે.

જો આ રીતે બજારની પરિસ્થિતિ તંદુરસ્ત નહીં રહે તો સરકાર માટે ડીવેસ્ટમેન્ટનો લક્ષાંક સાધ્ય કરવો થોડો અઘરો રહેશે.

### ઈન્ફોસીસનાં પરિણામો ધારણા કરતાં નબળા, શેર ભાવમાં માં ૧૫ માસનો સૌથી મોટો ઘટાડો

ઈન્ફોસીસનાં પરિણામો અપેક્ષા કરતાં નબળાં આવેલ છે. આવનાર સપ્તાહમાં પણ આ પરીણામો આ જ મુજબ રહે તેમ જણાઈ રહેલ છે. આ કારણે આ શેરના ભાવમાં ૧૫ મહિનામાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો, પરંતુ એનાલીસ્ટોના મત મુજબ હજુ પણ આઈ ટી સેકટર આશાસ્પદ છે અને તેથી આ શેર હજુ વધુ ઘટવા જોઈએ નહીં.

ભારતની બીજા નંબરની સૌથી મોટી સોફટવેરની નિકાસકર્તા કંપની ઈન્ફોસીસ દ્વારા તેનાં ત્રીજા ત્રિમાસીક ગાળાનાં પરિણામો બહાર પાડવામાં આવેલ છે.

ડીસેમ્બર ૨૦૧૦ ના રોજ પૂર્ણ થતા ત્રિમાસીક ગાળામાં કંપનીનો ચોખ્ખો નફો એક વર્ષ અગાઉના રૂ. ૧૫.૬ બિલિયન નફાથી વધીને રૂ. ૧૭.૭ થયેલ છે. જયારે ચોખ્ખું વેચાણ ૨૬ ટકા વૃધ્ધિ સાથે ૭૧.૦૬ બિલિયન થયેલ છે. પરંતુ આ આંકડા બજારની અપેક્ષા કરતાં નબળા જણાયા છે.

વોલ્યુમ ગ્રોથ પણ ૩ ટકા જેટલો છે જે અપેક્ષિત ૬+ ટકા કરતાં ઓછો છે અને કંપનીની ના. વ. ૨૦૧૧ની આવકની ગાઈડ લાઈન ૬.૦૪-૬.૦૬ બીલીન અને શેર દીઠ આવક રૂ. ૧૧૮.૬૮ થી ૧૧૮.૯૦ છે જે પણ અપેક્ષા નીચે છે. એનાલીસ્ટોએ રૂ. ૧૨૦ ની શેરદીઠ આવકની અપેક્ષા રાખી હતી. આ કારણે જ આ શેરમાં એક જ દિવસમાં ૫ ટકાનો ઘટાડો જોવા મળેલ હતો.

### રૂપિયો નબળો થશે

પ્રમિત બ્રહ્મશભટ્ટ, અલ્પારી ઈન્ડિયાએ જણાવેલ છે કે સ્વદેશી બજારોની રૂખ મુજબ રુપિયો નબળો રહેશે. એફ આઈ આઈનો બજાર બહાર નિકળતો નાણાકીય પ્રવાહ અને ચમકતી ધાતુમાં ચંચળતાએ ડોલરની મજબૂતાઈ વધારી છે. હવે પછી રૂપિયાની રેન્જ ડોલર દીઠ ૪૫.૨૫ -૪૫.૫૫ રહી શકે.

### મોંઘવારીના દરમાં ભારે ઉછાળો : ૧૮.૩૨ ટકા

એક જાન્યુઆરીના અંતના સપ્તાહમાં પ્રાઈમરી આર્ટિકલ્સના સુચકાંકોમાં ૦.૩ ટકાનો વધારો નોંધાયો હતો. આ દરમ્યાન બળતણ સમૂહના દરમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. જાન્યુઆરીના બળતણ સમૂહની મોંઘવારી પાછલા સપ્તાહે૧૧.૬૩ ટકા હતી જે ઘટીને ૧૧.૫૩ ટકા થઈ છે. ત્યાં જ બળતણ સમૂહનો સૂચકઆંકમાં ૦.૧ ટકાની તેજી જોવા મળી હતી.

### સતત સાતમાં સપ્તાહે અમેરિકી બજારમાં તેજી

અમેરિકી શેર બજાર ડાઉ જોન્સમાં સતત સાતમાં સપ્તાહે તેજી જોવા મળી હતી. આ સપ્તાહે ડાઉ જોન્સમાં ૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. એસ એન્ડ પી

અનુસંધાન પા.નં. ૨ ઉપર

# નિફ્ટીનો હવે પછીનો ટેકો ૫૪૧૨ આઈટી સેકટર પર ધ્યાન આપો

## ફાયદાનો સોદો



**રાજેશ કોઠારી**
**મો. ૦૯૮૯૨૧૪૫૩૩૫**

ટીસીએસ, વિપ્રો અને રિલાયન્સ બજારની રૂખ નક્કી કરશે. બેંકીંગ શેરોમાં કોઈ પુલબેક જોવા મળતું નથી તેથી તેને ટાળો. બજાર હાલમાં કોઈ સારા સમાચારને પણ વધાવવાના મુડમાં નથી. ચીન તા. ૨૦ જાન્યુઆરીથી તેના ફૂગાવા સામે લડત આપવા જરૂરી રિઝર્વ રેશીયોમાં ૫૦ બેઝીક પોઈન્ટનો વધારો કરવા આયોજન કરી રહેલ છે, જેના કારણે સોમવારે બેંક શેરોમાં સારો એવો ઘટાડો જોઈ શકાય. મીડકેપ શેરોમાં આઈ ટી શેર જેવા કે પોલારીસ, રોલ્ટા અને જીઓમેટ્રીક સોફટવેર ખરીદો

| શેરનું નામ | ભલામણ | હાલનોભાવ | લક્ષાંક-૧ | લક્ષાંક-૨ | સ્ટોપલોસ |
|---|---|---|---|---|---|
| વિપ્રો | ખરીદો | ૪૬૨ | ૪૫૫ | ૪૭૫ | ૪૮૫ |
| ટીસીએસ | ખરીદો | ૧૧૨૦ | ૧૧૦૦ | ૧૧૫૦ | ૧૧૬૦ |
| રિલાયન્સ | વેચો | ૯૯૮ | ૧૦૧૦ | ૯૮૫ | ૯૭૦ |
| આર કોમ | ખરીદો | ૧૩૭.૮ | ૧૩૫ | ૧૪૨ | ૧૪૮ |
| રિલાયન્સ ઈન્ફ્રા | વેચો | ૭૯૮ | ૮૦૫ | ૭૮૦ | ૭૬૫ |
| એચ ડી એફ સી | વેચો | ૬૬૭ | ૬૭૫ | ૬૩૫ | ૫૯૨ |
| ઓન મોબાઈલ | ખરીદો | ૨૬૩ | ૨૫૫ | ૨૭૨ | ૨૮૦ |
| રોલ્ટા | ખરીદો | ૧૪૧ | ૧૩૭ | ૧૪૪ | ૧૫૦ |
| ટાટા સ્ટીલ | વેચો | ૬૧૮ | ૬૨૫ | ૬૦૫ | ૫૯૦ |
| એસ બી આઈ | વેચો | ૨૪૯૨ | ૨૫૧૦ | ૨૪૫૦ | ૨૪૩૦ |

# સેન્સેક્ષ માટેનું અગત્યનું રેજીસ્ટન્સ ૧૮૯૬૭/૧૯૩૭૯

**સેન્સેક્ષ**
**સપોર્ટ** : ૫૫૭૩/૫૩૭૬
**રેજીસ્ટન્સ** :૫૭૪૪/૫૮૬૨

આવનાર દિવસોમાં ટેકનીકલી સેન્સેક્સ સાઈડ વે લાગે છે. સેન્સેક્ષ માટેનું હવે પછીનું અગત્યનું રેજીસ્ટન્સ લેવલ ૧૯૩૭૯

**નિફ્ટી સપોર્ટ : ૫૫૭૩/૫૩૭૬**
**રેજીસ્ટન્સ ૫૭૪૪/૫૮૬૨**

આવનાર દિવસોમાં ટેકનીકલી નિફ્ટી પણ સાઈડવે લાગે છે. નિફ્ટી માટે આવનાર દિવસોમાં હવે પછીનો મજબૂત રેજીસ્ટન્સ ૫૮૬૨ ઉપર રહેશે.

**ઓ એન જી સી લી. (ખરીદો)**
**સપોર્ટ** :૧૦૨૧
**રેજીસ્ટન્સ** :૧૨૬૭

ટેકનીકલી આ સ્ટોક મજબૂત જણાય છે. આવનાર દિવસોમાં આ સ્ટોકમાં સારી વૃધ્ધિ જોવા મળે તેવા સંકેતો જોવા મળે છે. ટ્રેડર્સ ટૂંકા ગાળા માટે કેશ અથવા ફયુચરમાં ખરીદી શકે.

## ટ્રેડ વીથ ટ્રેન્ડ

**અભિષેક જૈન**
investment_guru1@yahoo.com
M : 98260-41144
www.stocksidea.com

**રિલાયન્સ ઈન્ડ લી. (ખરીદો)**
**સપોર્ટ** : ૯૪૫
**રેજીસ્ટન્સ** : ૧૦૮૯

ટૂંકા ગાળાના ટ્રેડર્સ અને રોકાણકારોએ રોકાણ કરવા માટે આ સ્ટોક સારો જણાય છે. રોકાણકારો રોકડમાં અને ફયુચર ખરીદી શકે.

**ટૂંકા ગાળા માટેના ટ્રેડીંગ કોલ**

મજબૂત ટેકનીકલ બ્રેકઆઉટ સ્ટોપલોસ અવશ્ય રાખો

**બી.એસ.ઈ.કોડ** ૫૦૩૬૬૩
**તિલક ફાઈનાન્સ લી.**
**અને**
**બી.એસ.ઈ.કોડ** ૫૦૪૩૭૮
**રવીનય ટ્રેડીંગ કું. લી.**

# આ સપ્તાહે ટાટા સ્ટીલનો એફ પી ઓ મેદાનમાં, બજારમાં મંદીના કારણે બીજા આઈપીઓ કદાચ બજારમાં આવતા બે વખત વિચાર કરે, જો બજાર પાછું ઉર્ધ્વગતી ધારણ ન કરે તો વિરામ પણ જણાય

**નવા ઈસ્યુ**

**નરેન્દ્ર જોષી**

મિત્રો,

આ સપ્તાહે ટાટા સ્ટીલ લી. નો આઈપીઓ આવી રહેલ છે. જો કે હજુ તેનું પ્રાઈઝબેન્ડ રજૂ થયેલ નથી આમ છતાં આ કંપની ખૂબ જ જુની છે, વિશ્વમાં વ્યાપ ધરાવે છે અને વિશ્વની સૌથી મોટી કંપનીઓમાં સ્થાન પણ ધરાવે છે, લાંબા ગાળાના રોકાણ માટે આ કંપનીમાં અવશ્ય રોકાણ કરી શકાય. શકય છે કે આ કંપનીના શેરનો ભાવ ૬૦૦ થી નીચે ઠરાવવામાં આવે તો માત્ર ૮ ના પીઈ રેશિયોથી મળતો આ શેર પોર્ટફોલિયોમાં વસાવી શકાય.

હાલમાં બજારની પરિસ્થિતિ અચોક્કસ જણાય છે. આ કારણે થોડા સમય માટે આઈ પી ઓ નો ઉભરો શમી શકે. આમ છતાં આ વર્ષે ઘણી કંપનીઓ આઈપીઓ લાવવા લાઈનમાં ઉભી જ છે.

જેમાં પાવર ફાઈનાન્સ, પીટીસી ઈન્ડિયા, તારા જવેલ્સ, એલ એન્ડ ટી ફાઈનાન્સનો આર્મ,અભિજીત પાવર, વગેરે ટૂંક સમયમાં જ બજારને ગરમ કરવા આવી રહેનાર છે. સરકારશ્રી તેમના હસ્તકની પી એસ યુ કંપનીઓ જેવી કે ઓ એન જી સી અને સેઈલના અનુક્રમે ૧૩૦૦૦ કરોડ અને ૮૦૦૦ કરોડના ડીવેસ્ટમેન્ટનું આયોજન કરીને એફ પી ઓ લાવવા આગળ વધી રહેલ છે. હિન્દુસ્તાન કોપર પણ એફ પી ઓ લાવવા વિચારી રહેલ છે. પરંતુ આ વર્ષે વર્ષની શરુઆત પછી અત્યાર સુધીમાં સેન્સેક્ષમાં ૭ ટકા જેટલો ઘટાડો નોંધાયેલ છે. ફૂગાવાના નાગે પણ સારી એવી ફેણ ચઢાવી છે જેને નાથવા આર બી આઈએ વ્યાજ દર વૃધ્ધીની મોરલી વગાડવી પડશે તેમ માનવામાં આવી રહેલ છે.ચાઈના પણ ફૂગાવાને નાણવા વ્યાજદરમાં વધારો કરી રહેલ છે.

આ બધી પરિસ્થિતિમાં સ્વાભાવિક છે કે આઈપીઓ લઈ મોટી રકમ એકત્રિત કરવા આવતી કંપનીઓ થોડો સમય બજાર પાછું તેજીમયતા દર્શાવે તેની રાહ જુએ. સરકાર પણ તેનો ડીવેસ્ટમેન્ટનો પ્રગ્રામ આગળ વધારતાં બજારની સ્થીતિને ધ્યાનમાં લઈ શકે. તેથી કદાચ આઈ પી ઓ માં પૂર ને બદલે થોડો વિરામ જણાય.

આમ છતાં ટાટા સ્ટીલના આઈપીઓ માટે ખાસ કહીશ કે હાલ જયારે બજાર નીચે છે ત્યારે આવેલ આ શેર પણ નીચા ભાવે જ ઓફર કરવામાં આવશે, લાંબા ગાળા માટે તો તેમાં અવશ્ય રોકાણ કરી શકાય.

## ટાટા સ્ટીલ લી.

# હાલમાં પ્રાઈઝબેન્ડ નક્કી થયેલ નથી પરંતુ જો પ્રાઈઝ રૂ. ૫૭૫ થી ૫૯૦ વચ્ચે આવે તો ચોક્કસ અરજી કરી શકાય

### કંપનીનો પરિચય

મુંબઈ સ્થિત, ૧૯૦૭માં સ્થપાયેલી ટાટા સ્ટીલ લી. ભારતની સૌથી મોટી સ્ટીલ કંપની છે કે જેની સ્ટીલ ઉત્પાદન ક્ષમતા આશરે વાર્ષિક ૨૭.૨ મેટ્રીક ટન છે. હાલમાં આ કંપની સ્ટીલ ઉત્પાદન અને તૈયાર માલની વહેંચણી, ખાણ ઉદ્યોગ કે જેમોં કાચા લોખંડ પરની પ્રક્રિયા અને તેના સ્ટીલ ઉત્પાદન માટે કોલસાના ઉત્પાદન વગેરે તમામ સ્ટીલ ઉત્પાદનનાં દરેક પાસાંની મૂલ્યવર્ધિત સાંકળ ધરાવે છે. વર્લ્ડ સ્ટીલ એસોશીએશનના જણાવ્યા મુજબ આ કંપની ૨૦૦૯ના ક્રુડ સ્ટીલ પ્રોડકશનના જથ્થાની દ્રષ્ટિએ વિશ્વની સાતમી સૌથી મોટી સ્ટીલ કંપની તરીકેનું સ્થાન ધરાવે છે. ટાટા સ્ટીલે તેની પ્રારંભિકરીતે કામગીરી માટે ભારત, યુરોપ અને એશિયા પેસીફિકના બીજા દેશો પર ધ્યાન કેન્દ્રિત કરેલ હતું. નાણાકીય વર્ષ ૨૦૧૦ માં આ કંપનીએ યુરોપ અને ભારતમાંના તેના કુલ સ્ટીલ ઉત્પાદનના અનુક્રમે ૬૨.૯ ટકા અને ૨૮.૮ ટકા કામગીરી કરેલ હતી.

ટાટા સ્ટીલ ઉત્પાદનની બહોળી શ્રૃંખલા ધરાવે છે જેમાં હોટ રોલ્ડ કોઈલ્સ, સેકશન, પ્લેટસ અને વાયર્સ જેવા અધિક મૂલ્ય વર્ધિત ઉત્પાદનોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ટાટા સ્ટીલ ભારત ખાતે ફેરો ક્રોમના મોટા ઉત્પાદક છે. આ કંપનીના ગ્રાહકોમાં મોટે ભાગે બાંધકામ, ઓટોમોટિવ, એરોસ્પેસ, કન્ઝ્યુમર ગુડસ અને મટેરિયલ્સ હેન્ડલીંગ અને સામાન્ય એન્જીનીયરીંગ વગેરે સાથે સંકળાયેલ ઉદ્યોગોનો સમાવેશ થાય છે.

## ટાટા સ્ટીલ લી.

**ઈસ્યૂ ખુલવાની તા. ૧૯ જાન્યુઆરી ૨૦૧૧ થી ૨૧ જાન્યુઆરી ૨૦૧૧**

| | |
|---|---|
| **ઈસ્યુનો પ્રકાર** | ૧૦૦ ટકા બુક બિલ્ટ ઈસ્યુ |
| **કુલ ઈસ્યુની સાઈઝ** | ૫૭,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર<br>જાહેર જનતા માટે ૫૫,૫૦૦,૦૦૦<br>કર્મચારીઓ માટે અનામત ૧,૫૦૦,૦૦૦ |
| **ઈસ્યુ દ્વારા મળનાર રકમ** | રૂ. માહિતી ઉપલબ્ધ નથી |
| **શેરની મૂળ કિંમત** | રૂ. ૧૦ |
| **પ્રાસ્તવિક કિંમત** | જાહેર થયેલ નથી |
| **ઓછામાં ઓછી અરજી** | જાહેર થયેલ નથી |
| **વધારેમાં વધારે અરજી** | જાહેર થયેલ નથી |
| **ઈસ્યુ પછી ભરપાઈ થયેલ મુડીનો હિસ્સો** | **૫.૯૪** |
| **પ્રમોટર્સ** | ટાટા સન્સ લી. |
| **કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ** | બોમ્બે હાઉસ,<br>૨૪, હોમી મોદી સ્ટ્રીટ,<br>ફોર્ટ, મુંબઈ ૪૦૦૦૦૧<br>ફોન નં. ૯૧-૨૨-૬૬૬૫૮૨૮૨<br>ફેક્સ નં. ૯૧-૨૨-૬૬૬૫૭૭૨૪/<br>૬૬૬૫૭૭૨૫ |
| **Email** | : cosec@tatasteel.com |
| **Website** | : http://www.tatasteel.com |
| **ઈસ્યુના રજીસ્ટ્રાર** | લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લી.<br>સી-૧૩, પન્નાલાલ સિલ્ક મિલ્સ કંપાઉન્ડ,<br>એલ બી એસ માર્ગ, ભન્ડુપ વેસ્ટ<br>મુંબઈ ૪૦૦૦૭૮<br>ફોન નં. +૯૧-૨૨-૨૫૯૬૩૮૩૮<br>ફેક્સ નં +૯૧-૨૨-૨૫૯૪૬૯૬૯ |
| **Email** | : tsl.fpo@linkintime.co.in |
| **Website** | :Website: http://www.linkintime.co.in |
| **બુકરનીંગ લીડ મેનેજર** | ૧. સીટીગ્રુપ ગ્લોબલ માર્કેટસ ઈન્ડિયા પ્રા.લી.<br>૨. ડચ ઈક્વીટીજ ઈન્ડિયા પ્રા. લી.<br>૩. એચ એસ બી સી સિક્યુરીટીસ એન્ડ કેપિટલ માર્કેટસ પ્રા. લી.<br>૪.કોટક મહિન્દ્ર કેપીટલ કું. લી.<br>૫.એસબીઆઈ કેપિટલ માર્કેટસ લી.<br>૬.આર બી એસ ઈક્વીટીસ ઈન્ડિયા લી.<br>૭.સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ સિક્યુરીટીઝ ઈન્ડિયા લી. |
| **લીસ્ટીંગ** | બીએસઈ, એન એસ ઈ |

### નાણાકીય વિગતો

રૂપિયા કરોડમાં

| | ૨૦૦૯ | ૨૦૧૦ | ૩૦.૦૯.૨૦૧૦ |
|---|---|---|---|
| ફુલ આવક | ૧૪,૭૫,૯૪.૯૩ | ૧૦,૩૫,૭૮.૯૭ | ૫,૬૭,૧૩.૬૧ |
| ચોખ્ખો નફો | ૪૮,૪૯.૨૪ | ૨૧,૨૦.૮૪ | ૩૭,૫૮.૪૨ |

### કંપનીની મજબુતાઈ

**આઈપીઓનો હેતુ**

- જમશેદપુર ખાતેના કંપનીના હાલના કામના વિકાસ માટેના મૂડી ખર્ચને પહોંચી વળવા માટે રૂ. ૧,૮૭૫ કરોડ
- પ્રાઈવેટ પ્લેસમેન્ટ બેજીસ પર કંપની દ્વારા નોન કન્વર્ટીબલ ડીબેન્ચર ઈસ્યુ કરવામાં આવેલ તેની મેચ્યોરીટી સમયે આપવાની થતી ચુકવણી માટેની રકમ મેળવવા રૂ. ૧,૦૯૦ કરોડ
- સામાન્ય કોર્પોરેટ કારણોસર

●૧૦૦ વર્ષ કરતાં પણ વધુ સમયથી કાર્યરત આ કંપની ભારતની સૌથી મોટી અને વિશ્વની સાતમા નંબરની સૌથી મોટી કંપની છે. દરેક ક્ષેત્રમાં તેના ગ્રાહકો આવેલ છે. ૨૨ કરતાં પણ વધુ સબસીડીયરી કંપનીઓ ધરાવે છે અને એક એનાલીસીસ અંદાજ મુજબ દર વર્ષે વિશ્વમાં સ્ટીલની માંગમાં વધારો થઈ રહેલ છે. તેથી આ કંપની ભવિષ્યમાં વધુ વિકાસ કરનાર છે જ.

**સપ્ટેમ્બર ૩૦, ૨૦૧૦ ના રોજની સ્થિતિ મુજબ આ કંપનીમાં પ્રમોટર્સ ૩૨.૪૮ ટકા હિસ્સો ધરાવે છે જયારે ઈન્સ્યોરન્સ કંપની અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો અનુક્રમે ૨૨.૪ ટકા અને ૧૫.૮૭ ટકા હિસ્સો ધરાવે છે.**

●આ કંપની વિશ્વિક સ્તરે પણ વ્યાપ ધરાવે છે, હાલમાં આ કંપની યુરોપ, ભારત અને એશિયા સ્પેસિફિકમાં કાર્ટરત છે.

●યુરોપના અને ભારતીય બજારોમાં મજબૂત સ્થિતિ ધરાવે છે.

● બીજાં ડાયવર્સીફાઈડ ઉત્પાદનો પણ ઉપલબ્ધ કરાવે છે.

● સંચાલક દળ ખૂબ જ અનુભવી છે, જે કંપનીને સાચું માર્ગદર્શન અને સઘન સુચાલન પુરૂં પાડી વિકાસના માર્ગે આગળ લઈ જઈ શકે તેમ છે.

### જોખમી પાસુ

● સ્ટીલ ઉદ્યોગ વૈશ્વિક આર્થિક પરિસ્થિતિથી અસરકૃત થતો હોય છે. વૈશ્વક બજારોમાં અપેક્ષા કરતાં ધીમો સુધારો અથવા તો વૈશ્વિક મંદી આવે તો આ કંપનીને અવળી અસર થઈ શકે.

●યુરોપ આ કંપનીનું મોટામાં મોટું બજાર છે, જો યુરોપની આર્થિક સ્થિતિ નબળી થાય તો પણ આ કંપનીના ધંધાને વિપરિત અસર થઈ શકે.

● કોમોડીટીમાં મંદી આવે ત્યારે સ્ટીલના ભાવમાં ઘટાડો જોવા મળે છે તેમ જ સ્ટીલ ઉદ્યોગ સરકારી નિતીઓ ઉપર પણ આધારિત હોય છે જે આ કંપનીની આવકો ઉપર અસરકૃત બની શકે.

● આ કંપનીના પ્રમોટરો પર અનેક ક્રીમીનલ અને દિવાની દાવા ચાલે છે જો કે આવી મોટી કંપનીઓમાં આવાં લીટીગેશન હોય છે જ તેથી તેને જોખમ તરીકે ગણાવી શકાય નહીં.

**ટાટા સ્ટીલ લી.**
**બી એસ ઈ કોડ ૫૦૦૪૭૦**
**તા. ૧૪.૧.૨૦૧૧ મુજબ**

| | |
|---|---|
| **બંધ ભાવ** | ૬૨૧.૭૦ |
| **ખુલતો ભાવ** | ૬૩૮.૩૫ |
| **દૈનિક ઉચ્ચતમ ભાવ** | ૬૩૮.૩૫ |
| **દૈનિક નિમ્નતમ ભાવ** | ૬૧૮.૩૦ |
| **અગાઉનો બંધ ભાવ** | ૬૩૭.૪૫ |
| **વોલ્યુમ** | ૧૫૭૩૧૪૪ |
| **પર સપ્તાહ ઉચ્ચતમ ભાવ** | ૭૩૭.૦૦ |
| **પર સપ્તાહ નિમ્નતમ ભાવ** | ૫૪૩.૦૦ |
| **માર્કેટ કેપ** | ૫૬૦૯૦.૬૬ |
| **પી ઈ રેશિયો** | ૮.૦૧ |
| **ઉદ્યોગનો પીઈ** | ૧૧.૭૯ |
| **શેર દીઠ આવક** | ૭૭.૫૭ |
| **બુક વેલ્યુ** | ૪૧૨.૧૪ |
| **ચુકવેલ ડીવીડન્ડ** | ૮૦ ટકા |
| **બુક વેલ્યુ** | ૪૧૨.૧૪ |

### નાણાકીય અને ભલામણ

આ કંપનીની નાણાકીય વિગતો તરફ નજર કરતાં જણાય છે કે આ કંપનીની ૨૦૦૯ની આવકો અને નફા કરતાં ૨૦૧૦માં આવકો અને નફામાં ઘટાડો થયેલ છે જયારે તેની સરખામણીમાં ૩૦ નવેમ્બર ૨૦૧૦ની આવકો અને નફામાં વધારો થયેલ માલુમ પડેલ છે.આ આવકોમાં ઘટાડો ૨૦૦૯-૧૦માં વૈશ્વિક મંદીને કારણે સ્ટીલ ઉદ્યોગમાં થયેલ ઘટાડાના પરિણામે છે. આ સમયગાળા દરમ્યાન કંપનીના શેરના ભાવ પણ નીચે આવેલ હતા.

સપ્ટેમ્બર ૩૦, ૨૦૧૦ ના રોજ કંપનીની કેલ કુલ એસેટસ રૂ. ૧,૨૧૩,૬૭૮ મિલિયન હતી જયારે કુલ સંપત્તિ રૂ. ૨૭૭,૪૧૬ હતી.

હાલમાં શેર બજાર જયારે અસ્થિર પણે નિમ્નગતિ કરી રહેલ છે ત્યારે શુક્રવારના બંધ ભાવ બીએસઈ પર ૬૨૧.૭૦ આવેલ છે. આગામી સપ્તાહમાં પણ જો બજાર નિમ્ન ગતિ કરે તો આ શેરનો ભાવ વધુ નીચે આવે, સામાન્યરીતે ઈસ્યુ ભાવ તેથી પણ નીચે આવી શકે તેથી આ ઈસ્યુ રૂ. ૫૯૦ની આસપાસ આવવાની શકયતા છે. જો રૂ. ૬૦૦ ના ભાવને ધ્યાનમાં રાખીએ તો પણ આ શેર ૮ ના પીઈ રેશિયોથી મળી રહેલ છે. આવી ફલેગશીપ કંપની માટે આ પ્રાઈઝ યોગ્ય જણાય છે. જો ગત વર્ષે ઉપર જોયું તેમ આ શેરે નકારાત્મક ૧વળતર (-૩.૫૨ ટકા) આપેલ પરંતુ આવનાર વર્ષોમાં આ શેર સારો દેખાવ કરે તેવી પુરી શકયતાઓ છે. વિશ્વનું અર્થ તંત્ર પણ સુધરી રહેલ છે તેમ જ ૫૨ સપ્તાહનો ઉચ્ચતમ ભાવ રૂ. ૭૩૭ છે જયારે નિમ્નતમ ભાવ રૂ. ૫૪૩ છે તેથી જો ઈસ્યુ રૂ. ૫૯૦ થી નીચે મળતો હોય તો બજેટરેલીને ધ્યાનમાં રાખી ચોક્કસ પણે અરજી કરી શકાય. લાંબા ગાળા માટે તો આ શેર ઉત્તમ છે.

## પ્રાઈમરી માર્કેટની ખાટી મીઠી

### પાવર ફાઈનાન્સનો એફપીઓ આવતા નાણાકીય વર્ષમાં

રાજય સરકારની માલિકીની પાવર ફાઈનાન્સ કોર્પોરેશનનો એફ પી ઓ લગભગ આવનાર નાણાકીય વર્ષમાં લાવવા માટે આયોજન થઈ રહેલછે. આ એફ પી ઓ દ્વારા પાવર ફાઈનાન્સનો ૫ ટકા હિસ્સો ડીસઈન્વેસ્ટ કરવા તેમ જ ૧૫ ટકા શેર નવા ઈસ્યુ કરવા માટે વિચારાઈ રહેલ છે.

જો કે કંપનીએ ચાર લીડ મેનેજર્સની નિમણૂક કરવા માટે અરજીઓ મંગાવેલ છે કે જેઓ આ કંપનીને દરખાસ્તિત એફ પી ઓ માટે માર્ગદર્શન આપશે.

આ કંપનીમાં સરકાર ૮૯.૭૮ ટકા હિસ્સો ધરાવે છે, આ કંપનીએ આ અગાઉ ૨૦૦૭માં પણ તેનો ૧૦ ટકા હિસ્સો ડીવેસ્ટ કરેલ હતો.

### પીટીસી ઈન્ડિયા ફાઈનાન્સિઅલ સર્વિસ (પી એફ એસ)નો આઈપીઓ ૭૦૦ કરોડથી વધુ નહીં

પીટીસી ઈન્ડિયા ફાઈનાન્સિઅલ સર્વિસ (પી એફ એસ) કે જે પીટીસી ઈીન્ડિયા દ્વારા સ્થાપવામાં આવેલ છે તે પ્રારંભિક જાહેર ભરણા (આઈ પી ઓ ) દ્વારા રૂ. ૧૨.૭૫ કરોડના શેર સાથે મૂડી બજારમાં આવશે.

આ આઈપીઓના કારણે કંપનીનો હિસ્સો ૭૭ ટકા છે જે ઘટીને ૬૦ ટકા થનાર છે. આ આઈ પી ઓ માં મોસ્કારી પણ પોતાના ૨.૯૨ કરોડના શેર વેચશે. પરંતુ આ કુલ આઈપીઓનું કદ રૂ. ૭૦૦ કરોડથી વધુ નહીં હોય.

પીટીસી ખાસ કરીને ઉર્જા વેલ્યુચેન ધરાવતી સંસ્થાઓને કુલ નાણાકીય સેવાઓ પુરી પાડે છે જેમાં પાવર ઉત્પાદન કરતા પાવર પ્રોજેકટ, ટ્રાન્સમીશન, ડીસ્ટ્રીબ્યુશન, બળતણ ઉર્જા સ્રોત, બળતણ ઉર્જા માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેમ કે ગેસ પાઈપલાઈન, એલ એન ટી ટર્મીનલ્સ, પોર્ટસ, ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરીંગ અને ઈપીસી કોન્ટ્રાક્ટર્સ વગેરેનો સમાવેશ થાય છે.

### સેબીએ તારા જવેલ્સને રૂ. ૨૦૦ કરોડનો આઈપીઓ લાવવા મંજુરી આપી

બજાર નિયંત્રક સેબી દ્વારા ઝવેરાતની નિકાસ કરતી કંપની તારા જવેલ્સને રૂ. ૨૦૦ કરોડના આઈપીઓ સાથે મૂડી બજારમાં પ્રવેષવા માટે લીલી ઝંડી અપાઈ

અનુસંધાન પા.નં. ૨ ઉપર

# અનિશ્ચિતતાના વાતાવરણમાં ઘરની નવી મૂડી નાંખ્યા વગર પોર્ટફોલિયો ફેરબદલી કરવાનો વખત છે

ઈન્વેસ્ટર મિત્રો,

મુંબઈ શેર બજારનો સૂચકઆંક ૩૦૦ પોઈન્ટના કડાકા બાદ ૧૮૯૦૦ આંક ઉપર બંધ રહ્યો છે. ૨૧૦૦૦ ઉપરથી ૧૯૦૦૦ ઈન્ડેક્ષે ઘણાની ઊંઘ ખરાબ કરી નાખી છે. પણ અતિશય ગભરાઈ જવાની જરુર નથી. ચાઈના સાથેની વોર, પાકિસ્તાન સાથેના બે યુદ્ધો, વિશ્વ ક્ષેત્રે મંદી, ઈન્દીરાગાંધી વખતની ઈમરજન્સી, આવા બનાવો છતાં શેર બજારને તાળા નથી વાગ્યા. તમારું વિઝન લોંગટર્મ હોય તો વાંધો નથી આવતો.

શેર બજારમાં શેરના ભાવ દેશના મેક્રો ઈકોનોમી ઈન્ડીકેટર તથા સેક્ટરની તેજી તથા વ્યક્તિગત કંપનીના ફન્ડામેન્ટલ ઉપર નકકી થતો હોય છે.

હાલના દેશના મેક્રો ઈકોનોમીક ફેક્ટર થોડા નબળા પડ્યા છે.

(૧) ૨-જી સ્કેમના લીધે રાજકીય અસ્થિરતા છે.

(૨) આર્થિક ક્ષેત્રે ફુગાવો સતત વધતો જાય છે. કેન્દ્ર સરકાર આ ફુગાવાને ડામવા જવાબદાર છે. પણ એમણે પોતાની નિષ્ફળતાનો એકરાર કર્યો છે. શિયાળામાં શાકભાજી હમેશા થોડા નીચા ભાવે મળે જ્યારે આ વખતે શિયાળામાં પણ શાકભાજીના આસમાને છે.

(૩) જવાહરલાલ નહેરુ, પ્રણવ મુખર્જી, નરેન્દ્રભાઈ મોદી જેવા રાજકીય નેતાઓ યુવા પેઢીના માનસ પર પોઝીટીવ અસર કરે છે. જ્યારે અત્યારના નેતાઓ યુવા પેઢીને ડીમોરાલાઈઝડ કરે છે. જે દેશની ઈકોનોમી માટે યોગ્ય નથી.

(૪) આર્થિક ક્ષેત્રે ફુગાવો વધતા આરબીઆઈ વ્યાજના દર વધારશે જેથી પ્રોડક્શન કોસ્ટ ઊંચી આવશે જેથી ડીસે. ૨૦૧૦ કવાર્ટરના પરિણામો એટલા સારા નહીં આવે. શેર બજાર હમેશા ભવિષ્યને ડીસ્કાઉન્ટ કરે છે માટે હાલના તબક્કે તેજીને બ્રેક લાગી ગયો છે એવું લાગે છે.

શેર બજારમાં ટ્રેડીંગ કરતા હવે તેમણે આનાથી દૂર જ રહેવું કારણ કે ૧૦માંથી ૯ વખત ગુમાવવાનો વારો આવશે.

અમે અવારનવાર આ લેખમાં ફન્ડામેન્ટલની વાત કરીએ છીએ. આવી કંપનીઓ ઘટાડામાં પણ નાની માત્રામાં ઘટે છે. આવી કંપનીઓ શોધવા માટે

**ગોલ્ડ માઈન**

**મોના વકીલ**

(૧) કંપનીનું મેનેજમેન્ટ તથા તેની પ્રમાણિકતા (૨) કંપનીની શેરમૂડી તેમાં પ્રમોટરોનો હિસ્સો તથા બજારમાં કેટલો ફલોટિંગ સ્ટેક છે તેનો ખ્યાલ રાખવો. (૩) કંપનીના કવાર્ટર ટુ કવાર્ટર રિઝલ્ટ કેવા છે તેનો અભ્યાસ કરવો. આવા મંદીના માહોલમાં નફામાં ૧૦૦ થી ૨૦૦ ટકા ઉછાળો હોય તેવી કંપનીઓ ધ્યાનમાં રાખવી. (૪) કંપની કેટલું ડિવિડન્ડ વર્ષો વર્ષ ચૂકવે છે. તે જોવું. (૫) કંપનીના રિઝલ્ટ પહેલાં શેરનો ભાવ ખૂબ વધી નથી ગયો તે ધ્યાનમાં રાખવું. (૬) નેટ પ્રોફીટ માર્જીન, શેરમૂડી ઉપર નોટ વેચાણ તથા કેટલો ટેક્ષ કંપનીએ ભર્યો તે પણ ધ્યાનમાં રાખી જોવું.

આપણે કોલમમાં આ દરેક વસ્તુનો વિચાર કરી માહિતી આપીએ છીએ અને અંતે આવી કંપનીઓની જીત થાય છે.

આવનાર સમયમાં નીચે પ્રમાણે વિચારી શકાય.

**૧. જય ભારત મારુતિ : બીએસઈ કોડ નં. ૫૨૦૦૬૬** થી બીએસઈ તથા એનએસઈ ખાતે લીસ્ટેડ રૂા.૯૬ માં મળતો ઓટો એન્સિલિયરી ક્ષેત્રનો આ શેર આ મંદિમાં પણ નીચેના કારણોસર લેવા જેવો છે.

(૧) મારુતિ ઉદ્યોગ આ કંપનીના પ્રમોટર છે.

(૨) કંપનીની શેરમૂડી ૧૧ કરોડની છે. જેની સાથે ૧૦૦૦ કરોડનું વેચાણ કંપની માર્ચ ૨૦૧૧ માટે કરશે. જે ઘણું સારું કહેવાય. સહેજ માર્જીન વધે તો પણ ઈપીએસ ઘરખર્ચ વધે. કંપનીનું રિઝર્વ ૮૭ કરોડ છે અને કંપની ૩૦ ટકા ડિસ્કાઉન્ટ ચૂકવે છે.

(૩) કંપનીની શેરમૂડીમાં પ્રમોટરો, મ્યુચ્યુઅલ ફંડો તથા હાઈ નેટ વર્થ ઈન્વેસ્ટર ૮૨ ટકા હોલ્ડીંગ ધરાવે છે. આમ બજારમાં ૧૮ ટકા નો ફલોટીંગ સ્ટોક છે.

(૪) હવે સૌથી મજબૂત વસ્તુ આ કંપનીના ફન્ડામેન્ટલ છે. ૩૧-૧૨-૨૦૧૦ના કવાર્ટરના પરિણામો કંપનીએ જાહેર કર્યા છે. અને નફામાં ૯૩ ટકા નો ઉછાળો બતાવ્યો છે. તથા ૩૦-૯-૨૦૧૦ના નવ મહિના માટે ૩૦-૯-૨૦૦૯ના નવ મહિના કરતા બમણો નફો બતાવ્યો છે.

(૫) પાંચ પેઈડ અપ આ શેર હાલ ૬ના પીઈથી મળે છે.

મંદીના દોરમાં પોતાના નબળા શેરો વેચી આ શેરમાં રોકાણ વધારો. ખૂબ સારું વળતર મળશે.

**૨. શ્રી શક્તિ પેપર મિલ : બીએસઈ કોડ નં. ૫૩૨૭૦૧**

થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા.૨૬ માં મળતો ૧૨ થી ૧૫ ટકા ડીવિડન્ડ વર્ષોથી ચૂકવતી આ કંપનીનો ૨૦૦૦ પોઈન્ટના કડાકામાં ૨૬ રૂા.ના ભાવે ખડકની જેમાં ટકીને ઊભી છે. ૨૧૦૦૦ ઈન્ડેક્ષે પણ આ ભાવ હતો. અમારા અભ્યાસ પ્રમાણે બે વર્ષમાં આ કંપનીનો ભાવ બમણો થશે. અચુક લો.

# ખૂબ ભારે ચંચળતા

ગત સપ્તાહે નિફ્ટીએ સાપ્તાહિક ચાર્ટ પર ૩ બ્લેક ક્રોની કચના કરીને તેનું રિટ્રેસમેન્ટ પૂર્ણ કર્યું, જે ખૂબ જ મંદીમય દેખાવ તરીકે વિચારી શકાય. અમોએ અગાઉ આપેલ સલાહ મુજબ મોટી અને લાંબી પોઝીશન તોજ લઈ શકાય કે જયારે ઉપરની તરફના બ્રેને પુષ્ટી મળે અને તે પણ ચૂસ્ત સ્ટોપલોસ સાથે. જો નિફ્ટી ૫૭૫૦ ઉપર ટકી રહે તો ઉંચી સપાટીએ શોર્ટ કવરીંગ જોવા મળે. જયારે નીચે તરફ ૫૬૦૦ અને ૫૫૪૦ ની સપાટીએ મજબૂત ટેકો આવે છે. જો કે હવે આપણે પરિણામોની ઋતુમાં છીએ ત્યારે લાર્જ કેપ શેરોના પરિણામોની અપેક્ષાઓને કારણે આપણને વધુ ચચંળતાપૂર્ણ ટ્રેડીંગ સેશન જોવા મળી શકે. ચૂસ્ત સ્ટોપ લોસ રાખો અને આવા સમયે લાંબા સમય માટે તેમ જ ટૂંકા સમય માટેની વધુ પડતી ખરીદીને ટાળો

**નિફ્ટી :**

**આવનાર સપ્તાહ માટેનો ટેકો :**

૫૫૬૦ / ૫૪૬૫ / ૫૩૦૦

**આવનાર સપ્તાહ માટેની પ્રતિકારક સપાટી**

૫૮૩૦ / ૬૦૦૦ / ૬૧૦૦

**આ સપ્તાહમાં ધ્યાનમાં રાખવા જેવા શેર**

**સ્ટરલાઈટ લી (૧૭૭.૪૦) વેચો**

દૈનિક ચાર્ટમાં આ શેર તેની મહત્વની મુવીંગ એવરેજની સપાટી પર સતત વેચવાલીના દબાણ હેઠળ જણાય છે, રૂ. ૧૭૨ ના લક્ષાંકથી વેચો, સ્ટોપ લોસ રૂ. ૧૮૨ રાખો.

**અંબુજા સિમેન્ટ (૧૨૮) વેચો**

દૈનિક ચાર્ટમાં આ શેરે ત્રણ બ્લેક ક્રો (બેરીશ પેટર્ન) દર્શાવેલ છે આ શેર રૂ. ૧૧૯ના લક્ષાંકથી વેચો, સ્ટોપલોસ રૂ. ૧૩૪ રાખો.

**ટુ ધી પોઈન્ટ**



**દિનેશ સી. નાગપાલ**
૯૮૩૦૦૩૯૦૮૫
bluechips4u@gmail.com

**ભેલ (૨૧૯૫) વેચો**

દૈનિક ચાર્ટ પર આ શેર સતત વેચવાલીના દબાણ હેઠળ જણાય છે. ડેરિવેટિવ્સ ડેટા નવી શોર્ટ પોઝીશન સૂચવી રહેલ છે. આ શેર રૂ. ૨૧૨૦ ના લક્ષાંકથી વેચો, સ્ટોપલોસ રૂ. ૨૨૫૫ રાખો.

# દરેક ઉછાળે વેચવાલી જોવા મળે

**નિફ્ટી ફ્યુચર**
**બંધ : ૫૬૫૪**

૫૭૦૬, ૫૭૬૪, ૫૭૯૧, ૫૮૩૫ સુધીના ગમે તેવા પ્રકારના ઉછાળામાં ૫૯૨૫ના સ્ટોપલોસથી

**ગોલ્ડન સ્પોટ**

**મનીષ પટેલ**
latish_patel@yahoo.co.in

વેચાણ કરવું યા જાળવવું. નીચામાં ૫૫૨૬, ૫૫૫૮ એ મહત્ત્વનો સપોર્ટ હોવાથી એ આગળથી ઈન્ટ્રાડેમાં એક પોલાબાઉન્સ બેકની શક્યતા રહેલી છે. ૫૫૨૬, ૫૫૫૮ એ મહત્ત્વનો સપોર્ટ તુટતા વધુ ઘટાડા થકી ૫૪૬૫, ૫૩૭૦, ૫૩૦૮, ૫૨૪૩ સુધીનો વધુ ઘટાડો જોવા મળે. વા.ષક ચાર્ટની દૃષ્ટિએ નિફ્ટી એ ૬૩૫૦ આગળ તથા સેન્સેક્સે ૨૧૧૦૦ આગળ ડબલ ટોપ બનાવેલ હોવાથી મોટા ઘટાડાની શક્યતાને અવગણી શકાય નહીં. ત્રિમાસિક ચાર્ટમાં હવે નેગેટીવ થઈ ગયો હોવાથી ઉપર તરફની રેલીની શક્યતાઓ હમણાં થોડા સમય સુધી નહીવત દેખાય છે.

**એક્સીસ બેંક ફ્યુચર**
**બંધ ભાવ : ૧૨૦૪**

૧૨૪૦, ૧૨૫૩, ૧૨૭૧, ૧૨૮૪ના ઉછાળામાં ૧૩૧૬ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં વધુ ઘટાડા થકી ૧૧૩૮, ૧૧૦૩, ૧૦૬૨નો ભાવ જોવા મળે.

**મારુતિ ફ્યુચર (૧૨૬૮)**

૧૨૮૭, ૧૩૦૫, ૧૩૧૪, ૧૩૨૩ના ઉછાળામાં ૧૩૩૪ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં વધુ ઘટાડા થકી ૧૨૨૮, ૧૧૮૬, ૧૧૫૬નો ભાવ જોવા મળે.

**રિલાયન્સ ઇન્ફ્રા. ફ્યુચર**
**બંધ ભાવ : ૭૯૮**

૮૦૯, ૮૧૭, ૮૨૪, ૮૨૯ના ઉછાળામાં ૮૩૭ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં વધુ ઘટાડા થકી ૭૭૨, ૭૪૧, ૭૨૮નો ભાવ જોવા મળે.

**ટાટા સ્ટીલ ફ્યુચર બંધ ભાવ : ૬૧૮**

૬૨૪, ૬૩૧, ૬૩૯, ૬૪૪ના ઉછાળામાં ૬૫૧ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં વધુ ઘટાડા થકી ૫૯૬, ૫૭૮, ૫૨૧નો ભાવ જોવા મળે.

**એચડીએફસી બેંક ફ્યુચર**
**બંધ ભાવ : ૨૦૬૦**

૨૧૦૮, ૨૧૨૪, ૨૧૪૨, ૨૧૬૭ના ઉછાળામાં ૨૨૨૭ના સ્ટોપલોસથી વેચાણ જાળવવું. નીચામાં વધુ ઘટાડા થકી ૧૯૮૪, ૧૯૧૪, ૧૮૫૮નો ભાવ જોવા મળે.

# બજારો ચાર મહિનાની નીચી સપાટીએ

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૮૮૬૦.૪૪) અને નિફ્ટી (૫૬૫૪.૫૫) બંન્ને ૪.૨૦ ટકા અને ૪.૨૧ ટકા ઘટીને બંધ આવ્યા હતા. નિફ્ટી ફ્યુચર જાન્યુઆરી ૯.૫૦ પોઈન્ટના ડીસ્કાઉન્ટમાં હતો. નિફ્ટી જાન્યુઆરી ૫૮૦૦ ના કોલ ઓપ્શનમાં

**બુલેટ**



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

ભારે રસ જોવાયો હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૮૧૭૫ **તથા રેજીસ્ટન્સ** ૧૯૫૦૦ જ્યારે **નિફ્ટીમાં સપોર્ટ** ૫૪૭૦ અને **રેજીસ્ટન્સ** ૫૮૨૦ નો છે.

આરબીઆઈ ૨૫ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ મોનેટરી પોલીસીની ચર્ચા કરવા મિટીંગ કરશે . આવતા સપ્તાહે ટીસીએસ, એસ્સાર ઓઈલ, ભેલ, પેટ્રોનેટ, ગેઈલ, બાયોકોન અને વિપ્રો કવાર્ટરલી રિઝલ્ટ જાહેર કરશે.

એસબીઆઈ અને આઈસીઆઈસીઆઈ બેંક ના ઓપન ઈન્ટરેસ્ટમાં જાન્યુઆરી સિરીઝમાં રસ જોવાયો હતો. એસબીઆઈ ના જાન્યુઆરી ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૨૬૦૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. ટાટા સ્ટીલ માં કોલ ઓપ્શનમાં જાન્યુઆરી માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૬૪૦ પણ જોવા મળેલ છે.

**ફ્યુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. પાવર ગ્રીડ (૯૭.૬૦)** લોટ સાઈઝ ૨૦૦૦ શેર

- જાન્યુઆરી માસના સ્ટ્રાઈક ભાવ ૯૫ થી ૨.૭૫ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.
- જાન્યુઆરી માસના ૧૦૦.૦૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૦.૫૫ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૨.૭૫ ★ ૨૦૦૦ = ૫૫૦૦.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૦.૫૫ ★ ૨૦૦૦ = ૧૧૦૦.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૫૫૦૦.૦૦ - ૧૧૦૦.૦૦ = ૪૪૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૧૦૦ - ૯૫ = ૫ ★ ૨૦૦૦ = ૧૦૦૦૦ - ૪૪૦૦.૦૦ = ૫૬૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૪૪૦૦.૦૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ :** = ૯૭.૨૦

**૨. ઈસ્પાત ઈન્ડસ્ટ્રીઝ (૨૪)** : જાન્યુઆરી માસ ફયુચર લોટ સાઈઝ ૧૦૦૦૦ શેર

- રૂ. ૨૪.૦૦ ના ભાવથી જાન્યુઆરી માસ ફયુચરનો એક લોટ ખરીદો.
- **વેચો એક કોલ ઓપ્શન** : જાન્યુઆરી માસ સ્ટ્રાઈક ભાવ ૨૫ થી રૂ.૦.૫૫ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : = ૦.૫૫ ★ ૧૧૦૦૦ = ૫૫૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૨૫ - ૨૪.૦૦ = ૧.૦૦ ★ ૧૦૦૦૦ = ૧૦૦૦૦.૦૦ + ૫૫૦૦.૦૦ = ૧૫૫૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. વીપ્રો** (૪૬૩.૧૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. પેટ્રોનેટ** (૧૨૬.૨૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

# આ માસના અંત સુધી બજાર ચંચળતાપૂર્ણ અને અનિયમિત રહેશે

**તા.૧૭ જાન્યુઆરી થી ૨૧ જાન્યુઆરી , ૨૦૧૦**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતિષ ગુપ્તા**
**મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬**
**૦૯૮૧૦૦૧૮૪૩૮**
http://www.astrostocktips.in
E-mail : astrostocktips@rediffmail.com

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા વૃષભ, મિથુન અને કર્ક રાશીમાં ભ્રમણ કરશે, રાહુ, બુધ અને પ્લુટો ધન રાશીમાં, સૂર્ય અને મંગળ મકરમાં પરિભ્રમણ કરશે. કેતુ મિથુન રાશીમાં, શનિ કન્યા રાશીમાં, શુક્ર વૃશ્ચિકમાં, ગુરુ અને યુરેનસ મીન રાશીમાં પરિભ્રમણ કરશે. નેપ્ચ્યુન કુંભ રાશીમાં રહેશે.

**સાવચેતી રાખો**

**ગ્રહોકીય સ્થિતિ અસુવિધાજનક છે તેથી સાવચેતી રાખો, તે કારણે બજારમાં ભ્રામકતા અને ભારે ચંચળતા રહે. ગ્રહોકીય સ્થિતિ સૂચવી રહેલ છે કે નકારાત્મક સમાચારોનો વહેતો પ્રવાહ ચાલુ જ રહેશે.**

**બજારમાં એક અથવા બે દિવસથી રેલીથી ગેરમાર્ગે દોરવાતા નહીં. જ્યોતિશીય દ્રષ્ટિએ પરિસ્થિતિ ભ્રામક રહેશે.**

**જ્યોતિષિય ગ્રહોની સ્થિતિને કારણે આ માસના અંત સુધી બજાર ચંચળતાપૂર્ણ અને અનિયમિત રહેશે.**

**જ્યાં સુધી જ્યોતિષિય ગ્રહ બુધ કે જે આપણા મગજ પર કાબૂ ધરાવે છે તેની સ્થિતિ સાનુકૂળ ન થાય ત્યાં સુધી બજારમાં ટ્રેડીંગને ટાળવું વધુ સારૂં રહેશે અને આવી પરિસ્થિતિમાં બજારમાં નાણાં બનાવવાં ખૂબ જ કઠીન રહેશે.**

**નીચે દર્શાવેલ ક્ષેત્ર જ્યોતિષિય સહયોગ મેળવી રહેલ છે.**

**બેવરી / ડીસ્ટીલરી :** આ સેકટર જ્યોતિષિય સહયોગ મેળવી રહેલ છે. યુનાઈટેડ સ્પિરિટ, જગતજીત ઈન્ડસ્ટ્રીઝ અને ગલોબસ દરેક ઘટાડે ખરીદો.

**જે સેકટર મજબુત એસ્ટ્રો સપોર્ટ મેળવતા હોય તે સામાન્ય રીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

# શેર બજારમાં મજબૂતીની શરૂઆત

સન ૨૦૧૧ નું ત્રીજા સપ્તાહનું પ્રતિનિધિત્વ ગુરુ ગ્રહ કરે છે. તથા આ વર્ષનું પ્રતિનિધિત્વ રાહુ કરે છે.આ સમય ગુરુ અને રાહુ એક બીજાના કેન્દ્રસ્થાને છે. ગ્રહોનો રાજા સૂર્ય પોતાના પુત્ર શનિ રાશીમાં ૨ મહિના માટે પ્રવેશ કરી લીધો છે. આ બધા ગ્રહ સંયોગ મિશ્ર રુખની સંભાવના ભારતીય શેર બજારમાં જોવા મળી શકે છે.

નાણાંકીય જ્યોતિષ અનુસાર આ સપ્તાહે ભારતીય શેર બજારમાં નીચલા સ્તરે ખરીદારી ફ્રન્ટ લાઈન શેરોમાં જોવા મળી શકે છે. નીચલા સ્તરે સ્ટરલાઈટ ઈન્ડસ્ટ્રીઝ, આઈસીઆઈસીઆઈ બેંક, ગુજરાત ગેસ વગેરે શેરોમાં ધ્યાન કરી શકાય. ગ્રહ અનુસાર આર.કોમ,

**એસ્ટ્રોમની ગુરૂ**



**કર્નલ અજય**
**મો. 09414056705**
www.astromoneyguru.com

રિલાયન્સ પાવર, વગેરે શેરોમાં કમજોરીની સંભાવના બની શકે છે.

કોમોટીડી બજારમાં ઘઉં, લાલ મરચું, તાંબામાં મજબૂતીની સંભાવના છે.

આ સપ્તાહ વૃષભ રાશી વાળા માટે શુભ રહી શકે છે. રાશીનો સ્વામી રાશીથી સાતમ અને યોગ કારક ગ્રહ શનિ પશ્ચિમ સ્થાન પર બેઠો છે આ એક સારા સંકેત ગણી શકાય. વૃષભ રાશીવાળા માટે ચાંદી, સુગર, ઓટોમોબોઈલ, મિડીયા ના શેરોમાં લાભ મળી શકે છે.

ઉપરોક્ત બધી ભવિષ્યવાણી જેમીની જ્યોતિષ અને અંક જ્યોતિષના માધ્યમથી આપવામાં આવે છે. લેખકનો આમાં કોઈ અંતરંગ સ્વાર્થ નથી.

# રોકાણ કરતા પહેલાં થોડું વિચારો, સમજો અને પછી જ રોકાણ કરો

વાંચક મિત્રો,

આ લેખ મેં મારા વ્યૂહ પ્રમાણે લખ્યો છે. કારણ કે હું પણ એક ઈન્વેસ્ટર છું અને ઈન્વેસ્ટરની વ્યથા કથા જાણી શકું છું. કારણ કે ટિપ્સ આપનારા ઘણા હોય છે પરંતુ દુઃખનો સાથી હમેશા એક જ હોય છે અને તે જ તમારો સાચો મિત્ર ગણવો જે દુઃખમાં અને સુખમાં સાથ આપે. અહીં હું શેર બજારની ભલામણો તો કરીશ જ પરંતુ એ પહેલાં મારે રોકાણકારોને મુંઝવતી થોડી વાતો કહેવી છે.

પહેલી વાત જે છે એ છે કે કોઈપણ રોકાણકાર કોઈ ટિપ્સ ઉપર કે પોતાની રીતે ખરીદ કરે છે તો એ જ સ્ક્રીપ્ટ લીધા ભાવથી ક્યારેક નીચે આવી જાય છે તો આપણું મન ઉચાટ થઈ જાય છે અને આપણે વિચારીએ છીએ કે મારા લીધા પછી જ ભાવ કેમ ઘટે છે? મિત્રો આ ફક્ત તમારા સાથે જ નહીં કોઈપણ રોકાણકાર સાથે આવું જ બને છે. પરંતુ તેમાં ગભરાઈ જવાની જરુર નથી કારણ કે આ સ્ક્રીપ્ટ તમે એકલા એ જ ખરીદી નથી. તમારી પાછળ બીજા લેવા વાળા અને વેચવા વાળા

**સ્નેહા જોષી**

બેઠા હોય છે. તમે એક વાત સમજી લેજો કે શેર બજાર માત્ર ખરીદનાર માટે જ નથી વેચનાર માટે પણ છે કારણ કે કોઈ માલ વેચશે તો જ કોઈ ખરીદશે નહીં કે બધા ખરીદી કરવા નીકળી પડશે કે વેચવા નીકળી પડશે. જો આવું થાય તો બાયર સર્કીટ કે સેલર સર્કીટ વાગી શકે છે. જો આ સર્કીટ રોજે રોજ વાગે તો શેર બજાર ચાલે જ નહી ભાગ્યે જ પુરા શેર બજારમાં ઉપરની કે નીચેની સર્કીટો વાગે છે. અને તેના કારણો પણ હોય છે. જેમ કે કેન્દ્રની સરકાર જ્યારે ચૂંટણીમાં જીતી ત્યારે બધાને આશા બંધાઈ ગઈ કે સ્થિર સરકાર આવી અને બજારે ખૂલતાની સાથે જ બાયર સર્કીટ વાગી અને આખો દિવસ વાગેલી રહી. જેમાં તમે કંઈ પણ વસ્તુ ખરીદ ન કરી શક્યા. આવું જ સેલર સર્કીટમાં હોય છે.

મિત્રો, આ તો થઈ ખરીદ વેચાણની વાત. હવે આવીએ ઈન્ટ્રા ડે રોકાણકારો માટે થોડી વાત. ઈન્ટ્રાડે કરનાર રોકાણકારો હમેશા પોતાની મૂડી ઓછી જ કરતા હોય છે અને કમાય છે ફક્ત ટિપ્સ આપનાર અને ઓપરેટર અથવા વેલ્યુ બાયર ઈન્વેસ્ટર. એટલે ઈન્ટ્રા ડે કરવા માટે તમારે થોડું વિચારીને અથવા નુકસાનની માત્રા ઘટાડીને જ ઈન્ટ્રા ડે કરો. નહીં તો ડીલીવરી ઉતારવાની તૈયારી રાખી લો. તેનાથી તમારું નુકશાન ઓછું થશે અને ડીલીવરી લેવાથી

**અનુસંધાન પા.નં. ૩ ઉપર**

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380013. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387